## એઆઈસીટીઈ તરફથી ઘડાનારી રાષ્ટ્રીય નીતિ માટે ૧૮ મેએ વિશેષ પરિસંવાદ

# ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓ માટે સ્ટાર્ટ અપ માળખું ઘડવાની પ્રક્રિયામાં જીટીયુ અને ઈડીઆઈ મદદ કરશે

અમદાવાદ, તા. ૧૬

ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) તરફથી ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓ માટેનું રાષ્ટ્રીય માળખું અને નીતિ ઘડવામાં આવી રહી છે, તેમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) અને એન્ટ્રપ્રિનીયૉરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈ) મદદ કરી રહી છે. તે સંદર્ભે ૧૮મી મેએ જીટીયુમાં વિશેષ પરિસંવાદ યોજવામાં આવશે.

રાષ્ટ્રીય સ્ટાર્ટ અપ નીતિ ઘડવા એઆઈસીટીઈ તરફથી રચવામાં આવેલી સમિતિના તમામ સભ્યો આ પરિસંવાદમાં ભાગ લેવાની સંભાવના છે. સમિતિના સભ્યોમાં જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. અક્ષય અગ્રવાલ અને ઈડીઆઈના નિયામક ડૉ. સુનિલ શુક્લા ઉપરાંત સંજય ઈનામદાર, એસ.એ.રમેશ રંગન, અનિલ કૌલ અને કૌશલ્ય વિકાસ તથા ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના પ્રતિનિધિઓ તેમજ ઉદ્યોગજગતના નિષ્ણાતો ભાગ લેશે અને નવી નીતિ માટે પોતાની ભલામણો અંગે ચર્ચાવિચારણા કરશે.

ડૉ. અગ્રવાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે પરિસંવાદમાં દેશભરની યુનિવર્સિટીઓ તથા કૉલેજો ટેકનોલોજી સ્ટાર્ટ અપને વધુને વધુ પ્રમાણમાં પ્રોત્સાહન આપે એવી નીતિ ઘડી કાઢવા અંગેની ભલામણો કરવામાં આવશે. તેમાં યુવા ઉદ્યોગકારોની સફળગાથા દર્શાવીને વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણો ખિલવવા પર કેવી રીતે ભાર મૂકી શકાય તે મુદ્દાઓને આવરી લેવામાં આવશે. ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓએ વિદ્યાર્થીઓને બિઝનેસ કરવા અંગેના વિવિધ પાસાંઓનું જ્ઞાન કેવી રીતે આપવું જોઈએ તે બાબતે ઉદ્યોગકારો અને ઉદ્યોગ સાહસિકો વચ્ચે સંબંધોનો સેતુ મજબૂત બનાવવા સહિતની અનેક ભલામણો પણ કરવામાં આવશે. આમ જીટીયુ તરફથી ઘડવામાં આવેલી સ્ટાર્ટ અપ નીતિ દેશભરની ૩૫૦૦ કૉલેજોના ૨૦ લાખ વિદ્યાર્થીઓ સુધી પહોંચશે. શિક્ષણને જોમદાર બનાવવામાં આવે અને તેમાં સ્ટાર્ટ અપના પાસાંનો વ્યવસ્થિતપણે ઉમેરો કરવામાં આવે તો ભારતમાં દર વર્ષે ૧.૧૦ કરોડ રોજગારીની તકોનું સર્જન કરવાનું શક્ય છે.

ડૉ. શુક્લાએ એવી માહિતી આપી હતી કે યુવાપેઢીને પૂરતું પ્રોત્સાહન મળે તો દેશભરમાં અનેક ટેકનોલોજી સ્ટાર્ટ અપ ફૂલે ફાલે એવી સંભાવના છે. દરરોજ ત્રણથી ચાર નવા સ્ટાર્ટ અપ શરૂ થઈ રહ્યા છે. તેમાં દિલ્હી, બૅંગ્લોર, પૂણે વગેરે શહેરોના સ્ટાર્ટ અપનો સમાવેશ છે. અમદાવાદ પણ તેમાં ટોચના દસ શહેરોમાં સ્થાન ધરાવે છે. દેશભરમાં ટેકનોલોજી સ્ટાર્ટ અપ મોટા પ્રમાણમાં ખુલી રહ્યા છે, પણ ગુજરાત તેમાં કંઈક અનોખું છે, કારણ કે ગુજરાતમાં મેન્યુફેક્ચરીંગના સ્ટાર્ટ અપ પણ જોવા મળી રહ્યા છે.



વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગત ૧૬મી જાન્યુઆરીના રોજ સ્ટાર્ટ અપ ઈન્ડિયા એકશન પ્લાન જાહેર કર્યો હતો, તેમાં વિદ્યાર્થીઓ નોકરી-ઈચ્છુકને બદલે રોજગાર-દાતા કેવી રીતે બને તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. ત્યારબાદ નીતિ આયોગે પણ તે દિશામાં શ્રેણીબદ્ધ પગલાં લીધા છે. જેમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના મંત્રાલય, ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ તેમજ માનવ સંસાધન વિકાસ સહિતના સરકારી વિભાગો વચ્ચે સંકલન વધારવાના પ્રયાસો કરવામાં આવશે. અનેક રાજ્યોએ પણ સ્ટાર્ટ અપ નીતિ ઘડી કાઢી છે. ગુજરાત અને કેરળની ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ પણ સ્ટાર્ટ અપ નીતિ ઘડી છે.

જીટીયુ ઈનોવેશન કાઉન્સિલ (જીઆઈસી)ના માનદ નિયામક હિરણ્મય મહેતાએ જણાવ્યું હતું કે એઆઈસીટીઈ તરફથી સૌપ્રથમ રાષ્ટ્રીય સેમિનાર જીટીયુમાં યોજવામાં આવનાર છે, તેમાં એઆઈસીટીઈના ચેરમેન પ્રો. અનિલ સહસ્રબુદ્ધે ઉપસ્થિત રહેશે. પરિસંવાદમાં દેશના પાંચ સૌથી સફળ સ્ટાર્ટ અપના માલિકો ભાગ લેશે. તે ઉપરાંત શ્રેષ્ઠ દસ ઈન્ક્યુબેટર્સ પણ સહભાગી થશે. સેમિનારમાં ભાગ લેવા સરકારી એજન્સીઓ અને ફાઈનાન્સ એજન્સીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

### જીટીયુના ૪૪ હજાર વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ અપલોડ

જીટીયુએ એન્જીનિયરીંગ કૉલેજોના સાતમા અને આઠમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ પોતપોતાના પ્રોજેક્ટ અપલોડ કરી શકે તેના માટે પ્રોજેક્ટ મોનિટરીંગ એન્ડ મેન્ટરીંગ સિસ્ટમ (પીએમએમ એસ)ની વ્યવસ્થા કરેલી છે. જેના લીધે અન્ય વિદ્યાર્થીઓ તેમાંથી આઈડિયા મેળવી શકે. ચાલુ વર્ષે તેમાં ૪૪ હજાર વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ અપલોડ કરવામાં આવી ચૂક્યા છે. તેઓની પરીક્ષા ૨૦મી મેથી શરૂ થશે. પ્રોજેક્ટને પીએમએમએસમાં અપલોડ કરવા: (૧) રજીસ્ટ્રેશન, (૨) ટીમ બનાવવી, (૩) પિરીયોડિક પ્રોગ્રેસ રિપોર્ટ, (૪) બિઝનેસ મોડેલ કેનવાસ, (૫) પેટર્ન ડ્રાફ્ટીંગ એક્સરસાઈઝ, (૬) પ્રોજેક્ટ રિપોર્ટ, (૭) પ્લેગરીઝમ અને (૮) કમ્પ્લીશન સર્ટીફિકેટ વગેરે તબક્કાનો સમાવેશ થાય છે, એમ જીટીયુના આઈટી વિભાગના વડા કેયુર શાહે જણાવ્યું હતું. આ પ્રોજેક્ટોમાંથી ઉજળી તકો ધરાવતા હોય તેને પ્રોડક્ટમાં રૂપાંતરિત કરવા તે વિદ્યાર્થીઓને સ્ટાર્ટ અપની તાલીમ આપવામાં આવે છે